# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) વક્ફ સુધારા અધિનિયમ 2025-ને પડકારતી અરજીઓ પર આજે સર્વોચ્ચ અદાલતમાં ફરી સુનાવણી.

2) કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું, ભારત આધુનિક દરિયાઈ ક્રાન્તિ તરફ વધી રહ્યું છે.

3) સતત ત્રીજા દિવસે E.D. રૉબર્ટ વાડરાની પૂછપરછ કરશે.

4) ચીન અને અમેરિકાના ટેરિફનાં વિવાદનાં પગલે વિશ્વના વેપારમાં દોઢ ટકાનો ઘટાડો થવાનું વિશ્વ વેપાર સંસ્થાનું અનુમાન.

5) નિશાનબાજીનાં વિશ્વકપમાં, ભારતીય જોડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SC WAQF AMENDMENT BILL

સર્વોચ્ચ અદાલતે વક્ફ સુધારા અધિનિયમ 2025-ને પડકારતી અરજીઓ પર સુનાવણી કરતા ગઈકાલે વચગાળાનો કોઈ આદેશ આપ્યો નથી. આ પહેલા કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત દ્વારા ઉઠાવવામાં આવેલા ત્રણ મુદ્દા પર પોતાની દલીલો તૈયાર કરવા સમય માગ્યો હતો.

મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ સંજય કુમાર અને ન્યાયમૂર્તિ કે. વી. વિશ્વનાથન્-ની ખંડપીઠ આ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. હવે આ મામલે આજે ફરી સર્વોચ્ચ અદાલતમાં બપોરે સુનાવણી હાથ ધરાશે.
અદાલતે નવા વક્ફ અધિનિયમને પડકારતી અરજીઓ પર વચગાળાનો આદેશ આપવા અંગે વિચાર કર્યો. ખંડપીઠે ત્રણ મુખ્ય મુદ્દા ઉઠાવ્યા હતા. અદાલતે કહ્યું, તેઓ સુધારા કાયદાની વક્ફ સંબંધિત જોગવાઈને અસરકારક નહીં બનવા દે. આ જોગવાઈ હેઠળ, મિલકત સરકારી જમીન છે કે નહીં તે અંગે જિલ્લા અધિકારીની તપાસ ચાલુ રહેવા સુધી વક્ફ મિલકતને વક્ફ નહીં ગણવામાં આવે.

# OM BIRLA COMMERCE

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું, ઉદ્યોગ અને વાણિજ્ય વર્ષ 2047 સુધી ભારતને સંપૂર્ણ વિકસિત દેશ; બનાવવાની ભારતીય નેતૃત્વની દ્રઢ પ્રતિબદ્ધતામાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાને પૂર્ણ કરવા શ્રી બિરલાએ તમામ સંબંધિત પક્ષોને વિકાસનું એવું મૉડલ અપનાવવા આહ્વાન કર્યું, જે માત્ર ટકાઉ અને કાયમી જ નહીં, પરંતુ સમાવેશક પણ હોય.

શ્રી બિરલા ગઈકાલે નવી દિલ્હીમાં P.H.D. ઉદ્યોગ અને વેપાર મહામંડળની 120-મી વર્ષગાંઠ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધિત કરી રહ્યા હતા.

(BYTE: OM BIRLA)

# IMEC CONCLAVE

કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ભારપૂર્વક જણાવ્યું કે, બંદરો અને પરિવહનના વિવિધ સંશાધનોના વિકાસ અને મૈત્રી જેવા ડિજિટલ મંચની સાથે ભારત આધુનિક દરિયાઈ ક્રાન્તિ તરફ વધી રહ્યું છે. નવી દિલ્હીમાં ગઈકાલે ભારત-મધ્ય, પૂર્વ યુરોપ આર્થિક કોરિડોર- I.M.E.C. સંમેલન 2025માં શ્રી સોનોવાલે કહ્યું, ભારત-મધ્ય, પૂર્વ યુરોપ આર્થિક કોરિડોર વૈશ્વિક સંપર્ક મામલે બાજી પલટી દેશે. તેમણે કહ્યું, લાંબા ગાળાના અને સુરક્ષિત વેપાર માર્ગો સાથે, આ કૉરિડોર ભારત, પશ્ચિમ એશિયા અને યુરોપ વચ્ચે જોડાણને મજબૂત બનાવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું, ભારત વધતું એક બજાર છે અને વિશ્વની સૌથી ઝડપથી વધતું અર્થતંત્ર પણ છે. તેમણે કહ્યું, જે દેશો સાથે યોગ્ય રીતે સમજૂતી થઈ શકે તેવા દેશ સાથે જ સરકાર વ્યાપારી સંબંધોનું વિસ્તરણ કરી રહી છે.

શ્રી ગોયલે ઉમેર્યું, ન્યાય સુસંગત અને સંતુલન રીતે મુક્ત વેપાર સમજૂતી થઈ શકે તેવા દેશો સાથે સરકાર સંબંધ મજબૂત કરી રહી છે. તેમણે કહ્યું, ઑમાન અને અન્ય કેટલાક દેશો સાથે સમજૂતી પર સંવાદ ચાલી રહ્યો છે.

# ED ROBERT VADRA

પ્રવર્તન નિદેશાલય- E.D. હરિયાણામાં જમીન સોદા સાથે જોડાયેલા; મની લૉન્ડરિંગ કેસની તપાસ અંગે આજે સતત ત્રીજા દિવસે; રૉબર્ટ વાડરાની પૂછપરછ કરશે. નવી દિલ્હીમાં શ્રી વાડરાની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ મામલો શ્રી વાડરાની કંપની દ્વારા ગુરુગ્રામમાં જમીનની ખરીદી સાથે સંબંધિત છે.

# WTO REPORT

વિશ્વ વેપાર સંગઠન-WTOએ ટેરિફ વિવાદના કારણે વિશ્વના વેપારમાં દોઢ ટકાનાં ઘટાડાનું અનુમાન જાહેર કર્યું છે. WTOએ જણાવ્યું, આ વર્ષે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફના પરિણામે વૈશ્વિક વેપારમાં ઘટાડો થશે. WTOએ વર્ષ 2025 અને 2026 માટે તેના વેપાર અનુમાન જાહેર કરતી વખતે આ વાત કહી.

WTOના ડિરેક્ટર જનરલે એક નિવેદનમાં ચીન-અમેરિકા ટેરિફ વિવાદને ચિંતાજનક ગણાવ્યો છે. તેમણે કહ્યું કે WTO હાલમાં અંદાજ લગાવે છે કે બંને અર્થતંત્ર વચ્ચેના વેપારમાં 81 ટકાનો ઘટાડો થશે અને સ્માર્ટફોન જેવા ઉત્પાદનો માટે તાજેતરમાં છૂટછાટ ન મળી હોત તો તે ઘટીને 91 ટકા સુધી પહોંચી ગયો હોત..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## ASHVINI VAISHNAV VISIT

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે ઉત્તરાખંડમાં ઋષિકેશ રેલવેમથકનું નિરીક્ષણ કર્યું. દરમિયાન તેમણે દેવપ્રયાગ અને જાનસૂ વચ્ચે નિર્માણ પામી રહેલી ટનલની પણ મુલાકાત લીધી.

ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલવે પરિયોજના અંતર્ગત બની રહેલી 14.57 કિલોમીટર લાંબી ટનલનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. શ્રી વૈષ્ણવે ટનલ નિર્માણ કાર્યની પ્રશંસા કરતા કહ્યું, આ પરિયોજના ઉત્તરાખંડ માટે મોટી સિદ્ધિ છે અને આનાથી પર્વતીય ક્ષેત્રોમાં રેલવે સંપર્ક મજબૂત બનશે.

(બાઈટઃ અશ્વિની વૈષ્ણવ, રેલવેમંત્રી)

## ISSF SHOOTING

આંતર-રાષ્ટ્રીય નિશાનબાજી રમતગમત મહામંડળ- I.S.S.F. વિશ્વકપમાં, ભારતીય જોડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પેરુમાં રમાઈ રહેલા વિશ્વ-કપમાં ઈન્દરસિંહ સુરુચિ અને સૌરભ ચૌધરીની ભારતીય જોડીએ 10 મીટર મિશ્ર એર પિસ્તોલ નિશાનબાજી સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવી છે. ભારતીય જોડીએ ફાઈનલમાં ચીનના કિયા-નક્સુન યાઓ અને કાઈ હૂ-ની જોડીને 17–9થી પરાજય આપ્યો હતો.

આ પહેલા ઑલિમ્પિક ચંદ્રક વિજેતા મનુ ભાકર અને રવિન્દર સિંઘની જોડીએ કાંસ્ય ચંદ્રકની મેચમાં ચીનના ક્યૂ-આનકે મા અને યિફાન ઝાંગ-ની જોડીને પરાજય આપ્યો હતો.

હવે, આજે મહિલાઓની ફાઈનલ સ્કિટ સ્પર્ધામાં રાયજા ધિલ્લોં મેદાનમાં ઉતરશે. ભારતીય સમય મુજબ, આ મેચ બપોરે દોઢ વાગ્યાથી શરૂ થશે.

# MP CRPF FOUNDATION DAY

કેન્દ્રીય અનામત પોલીસ દળ- C.R.P.F.ના 86-મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે આજે મધ્યપ્રદેશના નિમચ ખાતે એક કાર્યક્રમ યોજાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. જ્યારે મુખ્યમંત્રી ડૉક્ટર મોહન યાદવ વિશેષ અતિથિ હશે. સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ.

## (વૉઈસકાસ્ટઃ સંજીવ શર્મા)

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

હવે જોઇએ આજના અખબારના મુખ્ય સમાચાર

1) આજના અખબારોમાં વકફ કાયદા અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી, ટ્રમ્પ-ચીન ટેરિફ વોર તામિલનાડુમાં વરસાદ જેવા સમાચાર હેડલાઇન્સમાં છે.

2) અખબારો પ્રમાણે જઇએ તો જરાત સમાચારે લખ્યું છે કે ટ્રમ્પનો ચીન પર હથોડોઃ 245 ટકા ટેરિફ ઝિંક્યો

3) સંદેશ અને નવગુજરાત સમય અને દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે કે – હિન્દુ સંસ્થાઓમાં મુસ્લિમો હશેઃ સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને સવાલ

4) આ સમાચારો ઉપરાંત હવે ફાસ્ટ ટેગ વિના જ ટોલ ટેક્શ કપાઇ જશે પંદર દિવસ બાદ નવી પોલીસી લાગુ થશે , ટેરિફ વોરને કારણે વિશ્વ વ્યાપરસંગઠન દ્વારા વિશ્વના વેપારમાં દોઢ ટકાનો ઘટાડો થવાનું અનુમાન સહિતના સમાચાર જોવા મળી રહ્યાં છે.

5) આ ઉપરાંત આઇપીએલમાં પ્રથમ સુપર ઓવર મૂકાબલામાં દિલ્હી કેપિટલ્સનો વિજય

6) તેમજ રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં રાજકોટમાં બેફામબનેલા વાહન ચાલકે ચારને કચડ્યા, તાપમાનમાં સતત વધારો , સરકારી કર્મચારીઓના ડીએમાં વધારો કરવાનો સરકારનો નિર્ણય સહિતના સમાચાર પણજોવા મળી રહ્યાં છે.